APPENDIX V

REFORMIST AND CONSERVATIVE SCALE

# સુધારાવાદી–રૂઢિચુસ્ત માનસ માપસૂચિ



પ્રયોજક : ડૉ. એ. એસ. પટેલ

—: સૂચના :—

(૧) આપણા પૈકી કેટલાકને સમાજમાં સુધારા કરવા કે જોવા ગમે છે, જ્યારે કેટલાકનું મન બહુજ રૂઢિચુસ્ત હોય છે. કેટલાક ક્રાન્તિકારી વિચારોના હોય છે, તો કેટલાક સંકુચિત વિચારના હોય છે. આવું જુદું જુદું માનસ દર્શાવતાં કેટલાંક વિધાનો પાછળ આપેલાં છે. તમારે પ્રત્યેક વિધાન પર પૂરતો વિચાર કરવાનો છે. અને તે વિધાન તમને પોતાને લાગુ પડે છે કે નહિ તે નક્કી કરવાનું છે. પછી તમારે તમારો પ્રમાણિક ઉત્તર આપવાનો છે.

(૨) પ્રત્યેક વિધાન સામે કૌંસ આપેલા છે. જે વિધાન તમને લાગુ પડતાં હોય અથવા જે સાથે તમે સંમત થતા હો તેટલાંજ વિધાનો પાછળ આપેલા કૌંસમાં આવું (✓) નિશાન કરો. તમને લાગુ ન પડતાં હોય અથવા જે સાથે તમે સંમત ન થતા હો તેવાં વિધાનો પાછળ આવું (×) નિશાન કરો. દરેક વિધાન અંગે તમારું વલણ દર્શાવો.

(૩) વ્યક્તિને સમજીને મદદગાર થઇ શકાય એ હેતુથીજ આ માપસૂચિ તૈયાર કરવામાં આવી છે, તેમાં બીજો કોઇ હેતુ નથી. વિનંતિ છે કે આપ ચોક્કસ રીતે વિના ક્ષોભે તમને લાગુ પડતા જવાબ દર્શાવશો. બધી વિગત ખાનગી રહેશે તેની ખાત્રી આપવામાં આવે છે.

(૪) તમારે શું કરવાનું છે તે બાબતની હજુ કાંઇ શંકા રહેતી હોય તો કામ શરૂ કરતાં પહેલાં પૂછી લો.

હવે શરૂ કરો.

CASE

Faculty of Education and Psychology

**M. S. UNIVERSITY OF BARODA**

**BARODA**

(૧) આંતર-જાતીય અને આંતરદેશીય લગ્નોમાં હું માનું છું. ... ... ... ( )

(૨) અસ્પૃશ્યોને કોઇ કારણસર કે ભૂલથી અડકી જવાય તો અડકયા બાદ હું નાહી લઉં છું. .... .... .... ... ... ( )

(૩) હું કોઇપણ સંપ્રદાયના મંદિરમાં જવામાં માનું છું. ... ... ( )

(૪) હું માનું છું કે છોકરા-છોકરીઓએ સંગીત, નાટક, નૃત્ય વગેરેમાં ભાગ લેવો જોઇએ. ... ... ... ... ... ( )

(૫) પત્નીએ પતિનું નામ બોલતાં શરમાવું જોઇએ નહીં. ... ... ( )

(૬) હું માનું છું કે આપણે આપણા સમાજના જુના રિવાજોનો વિરોધ કરવો જોઇએ. .... .... .... ... ... ( )

(૭) હું માનું છું કે દરેક છોકરા-છોકરીએ જાતીય જ્ઞાન મેળવવું જોઇએ. .... ( )

(૮) રાત્રે ઘરની બહાર છોકરીઓને એકલી જવા દેવી ન જોઇએ. .... .... ( )

(૯) વિધવા પુનર્લગ્નમાં હું માનું છું. .... ... ... .... ( )

(૧૦) હું માનું છું કે છોકરીઓને પિતાની મિલકતમાં ભાગ આપવો જોઇએ. .... ( )

(૧૧) અગીયારસ, પૂનમ કે અમુક વાર ( ઉપવાસ ) કરવામાં હું માનું છું. .... ( )

(૧૨) એંઠું-જુઠું તથા માસિક વગેરે નિયમો આચારમાં પાળવા જોઇએ. .... ( )

(૧૩) પરદેશગમનથી ભ્રષ્ટતા વધે છે. .... .... ... ... ( )

(૧૪) લગ્નનાં જમણ બંધ થાય એમાં હું માનું છું. .... .... ... ( )

(૧૫) છોકરીઓ લીપ્સ્ટીક લગાડે તેમાં ખાસ કંઇ ખોટું નથી .... .... ( )

(૧૬) છોકરીઓ માટે જુદી શાળા કે કોલેજો હોવી જોઇએ એમ હું માનું છું. .... ( )

(૧૭) હું માનું છું કે બાળલગ્ન બંધ થવાં જોઇએ. ... .... .... ( )

(૧૮) ન્યાતનાં જમણ પ્રસંગે અબોટીયું (રેશમી વસ્ત્ર) પહેરીને જવામાં હું માનું છું..... ( )

(૧૯) લાજ ( ઘુંઘટ ) કાઢવાની પ્રથા સારી નથી. ..... ..... ... ( )

(૨૦) ઉતરતી ન્યાતના કોઇને મારે ત્યાં આમંત્રણ આપતાં મને ક્ષોભ થાય છે. .... ( )

(૨૧) ગંદકી કે કચરો જાતે સાફ કરતાં મને શરમ આવતી નથી. .... ... ( )

(૨૨) હું માનું છું કે આપણે પલટાતા સંજોગો અનુસાર આપણી વિચારસરણી બદલવી જોઇએ નહી. .... .... .... .... ( )

(૨૩) વેપારધંધાથી કે નોકરી કરી સ્ત્રી આર્થિક રીતે સ્વતંત્ર બને એ આવશ્યક છે. ... ( )

(૨૪) છોકરીઓને વેળાસર વડેલી ઉંમરે પરણાવી દેવી જોઇએ એવો મારો મત છે..... ( )

(૨૫) રૂઢિ, સંયમ અને વ્રતપાલનથી લક્ષ્મીની વૃદ્ધિ થાય છે. ... ... ( )

(૨૬) દેવ-દેવી કે માતા-મહાદેવ કોપે તો તરતજ ભૂવા વગેરેનો શ્રદ્ધાપૂર્વક આશ્રય લેવાથી જરૂર શાંતિ થાય છે. ... .... ... .... ( )

(૨૭) હરિજનોને મંદિરમાં દાખલ કરવા સામે મને વાંધો છે. ... ( )

(૨૮) દહેજ પ્રથા બંધ થવી જોઇએ. ... ... ... ... ( )

(૨૯) લોકો મર્યાદા મૂકે તેવી ફેશનવાળાં કપડાં પહેરે તે તરફ મને બહુ સૂગ છે. ... ( )

(૩૦) અત્યારના સંજોગોમાં આપણે પ્રેમ લગ્નની પ્રથા અપનાવવી જોઇએ. ... ( )

(૩૧) દરેક છોકરીએ હાથે બંગડીઓ પહેરવી જોઇએ તેમજ કપાળે ચાંલ્લો કરવો જોઇએ. ... ... ... ... ... ( )

(૩૨) સ્ત્રીઓને સમાન હક્ક આપવા જોઇએ એમ હું માનું છું. ... ... ( )

(૩૩) નાચગાનના વર્ગોમાં કે સમારંભમાં ભાગ લેવો તે શરમજનક છે. ... ( )

(૩૪) આપણે ન્યાત અને વર્ગના વાડા ત્યજી દેવા જોઇએ. ... ... ( )

(૩૫) સ્ત્રીઓને મતાધિકાર હોવો જોઇએ નહીં. ... ... ... ( )

(૩૬) છોકરા-છોકરીઓ એક બીજા સાથે એકલાં બોલે, ચાલે કે હરેફરે તેમાં ખોટું નથી. ( )

(૩૭) છોકરીઓને કોલેજનું શિક્ષણ આપવું જોઇએ નહીં. ... ... ( )

(૩૮) હું કુટુંબનિયોજનમાં માનું છું. ... ... ... ... ( )

(૩૯) હોટલમાં ગમે તે ન્યાતના સાથે બેસી ખાવું જોઇએ નહીં. ... ... ( )

(૪૦) ભૂત-પ્રેતમાં હું માનું છું. ... ... ... ... ( )

(૪૧) છોકરીઓ અભ્યાસ અર્થે કે નોકરી કરવા બહારગામ એકલી રહે તે યોગ્ય નથી. ( )

(૪૨) મને હરિજન સાથે ભોજન લેતાં જરા શરમ આવે છે. ... ... ( )

(૪૩) કરેલાં પાપ ધોવા યજ્ઞ-જપ-પૂજન જરૂરી છે. ... ... ... ( )

(૪૪) હું હંમેશા ધાર્મિક વિધિથીજ લગ્ન કરવામાં માનું છું. ... ... ( )

(૪૫) દરદ, વ્યાધિ કે અકસ્માત ગયા જન્મે કરેલા પાપનું જ ફળ છે. .... .... ( )

(૪૬) છોકરીઓ બાંય વગરના બ્લાઉઝ પહેરે તેમાં કશું જ ખોટું નથી. ... ( )

(૪૭) હું માનું છું કે દરેકે પચીસ વર્ષ પછી લગ્ન કરવાં જોઇએ. ... ... ( )

(૪૮) મને મારા પતિ ( પત્ની ) બીજી છોકરી ( છોકરા સાથે વાત કરે તે ગમતું નથી. ... ... ... ... ... ( )

(૪૯) હું માનું છું કે સ્ત્રીઓએ રાજકારણમાં કે ઘરની બહાર જાહેર પ્રવૃત્તિમાં ભાગ લેવો જોઇએ નહિ. ... ... ... ... ... ( )

(૫૦) પ્રભુ રૂઠે ત્યારેજ રોગચાળો ફાટી નીકળે છે. ... ... ... ( )

નામ ( વિદ્યાર્થી/વિદ્યાર્થિની ) ઉંમર

શાળા / કોલેજનું નામ વર્ગ

સરનામું ...